# સ્પે.મુ.નં. ૨૨–૨૦૧૮

## <u>આંક–૫ નીચે હુકમ</u>

(૧) વાદીએ હાલનો દાવો પ્રતિવાદી વિરૂદ્ધ રૂા. ૨,૧૬,૨૫,૦૦૦/– ના આંકથી દાવાવાળી જમીનમાંથી પોતાનો ૧/૬ હિસ્સો મેળવવા, ડેકલેરેશન, કાયમી મનાઈહુકમ તથા ઉપજનીપજનો હિસાબ તથા હિસ્સો મેળવવા દાખલ કરેલો છે. જેમાં, હાલની અરજી દાખલ કરી વાદીએ પ્રતિવાદી વિરૂદ્ધ "(૧) ઉપર દરમ્યાન મનાઈહુકમ મળવાની અરજી પેરા–૨ માં જણાવેલ વિગતવર્ણનવાળી ધોરાજી તાલુકાના ગામ નાની મારડની સીમની જમીન સર્વે નંબર–૨૦/૨ પૈકી ૧ વાળી કુલ હેક્ટર ૭–૦૧–૧૨ એકર ૧૭–૧૩ ગુંઠા આકાર રૂપિયા ૭૨–૮૦ પૈસાવાળી સીમની જમીન ગુજરનાર પ્રેમજીભાઈ રૂડાભાઈના વખતની વડીલોપાર્જીત આવેલ હોયને સીમની જમીન માંહેનો ઉપજનીપજનો તમામ હીસાબ આ કામના પ્રતિવાદી નં. ૫ થી ૭ ના આ દાવો દાખલ થયા તારીખથી અમોને અમારો હિસ્સો મળી જાય ત્યાં સુધીનો તમામ વખતોવખતનો રજુ કરતા રહે તેવો વચગાળાનો આદેશાત્મક હુકમ પ્રતિવાદી નં. ૫ થી ૭ સામે ફરમાવવા તેમજ– (૨) આ કામના પ્રતિવાદીઓ કે પ્રતિવાદીઓના માણસો, મજુરો મુખત્યારો, નોકર ચાકર, કુટુંબીઓ, વંશ–વારસો, કે પ્રતિવાદીઓ થકી અન્ય કોઈ ઉપર દરમ્યાન મનાઈહુકમ મળવાની અરજી પેરા–૨ માં જણાવેલ વિગતવર્ણનવાળી ધોરાજી તાલુકાના ગામ નાની મારડની સીમની જમીન સર્વે નંબર–૨૦/૨ પૈકી ૧ વાળી કુલ હેક્ટર ૭–૦૧–૧૨ એકર ૧૭–૧૩ ગુંઠા આકાર રૂપિયા ૭૨–૮૦ પૈસાવાળી સીમની જમીન ગુજરનાર પ્રેમજીભાઈ

રૂડાભાઈના વખતની વડીલોપાર્જીત આવેલ હોયને અમારો હિન્દુ કાયદા મુજબ ૧/૬ લાગભાગ, હક્ક, હીત, હિસ્સો અને અધિકાર સમાયેલ હોય સીમની જમીન માહેનો અમો વાદીનો હિસ્સો સોંપી આપવામાં ન આવે ત્યાં સુધી કોઈને પણ કોઈપણ રીતે તબદીલ, ટ્રાન્સફર, એસાઈન, ગીરો બક્ષીસ, વેચાણ કરે કરાવે નહીં કે સીમની જમીન ઉપર બોજા ઉભા કરે કરાવે નહીં તેવો દાવો ચાલતા સુધીનો વચગાળાનો દરમ્યાન મનાઈહુકમ આ કામના પ્રતિવાદીઓ નં. ૫ થી ૭ સામે ફરમાવવા અમારી નમ્ર અરજ છે તેમજ–" તેવી દાદ માંગેલ છે.

(૨) વાદીની અરજીની હકીકત એવી છે કે, વાદી તથા પ્રતિવાદી નં. ૧ થી ૫ તે ગુજરનાર સીદાભાઈ પ્રેમજીભાઈ સુરીયાના વારસદારો છે અને પ્રતિવાદી નં. ૬ અને ૭ તે પ્રતિવાદી નં. ૫ ના પત્ની અને પુત્ર છે. સીદાભાઈ પ્રેમજીભાઈ સુરીયાનું તા. ૨૦–૧–૮૮ ના રોજ મરણ થયેલ છે. પક્ષકારોના માતૃશ્રી ઉજીબેનનું અવસાન તા. ૩–૬–૦૫ ના રોજ થયેલ છે. વાદીના ભાઈ કિશોરભાઈ જે અપંગ અને અપરિણીત હતા તેમનું તા. ૨૨–૧૨–૧૭ ના રોજ અવસાન થયેલ છે. ધોરાજી તાલુકાના નાની મારડ ગામે સર્વે નં. ૨૦/૨ વાળી પ્રેમજીભાઈ રૂડાભાઈના ખાતાની સીમની જમીન આવેલ. જેમનું અવસાન થતાં તે જમીન તેમના પુત્ર સીદાભાઈ પ્રેમજીભાઈના નામે નોંધ નં. ૫૮ થી દાખલ થયેલ. જે સીદાભાઈ પ્રેમજીભાઈનું અવસાન થતાં વાદી તથા પ્રતિવાદી નં. ૧ થી ૫ અને કિશોરભાઈ તથા ઉજીબેનનું નામ નોંધ નં. ૭૨૭ થી તા. ૨૬–૨–૮૮ ના રોજ દાખલ થયેલ. તે જ દિવસે પ્રતિવાદી નં. ૫ એ વાદીની જાણ બહાર વાદી તથા પ્રતિવાદી નં. ૧ થી ૪ ના નામો કમી કરાવી નાંખેલ અને તેની નોંધ નં. ૭૨૭એ

દાખલ થયેલ. જેમાં વાદીની કોઈ સંમતી ન હતી. ત્યારબાદ ઉજીબેન સીદાભાઈનું તા. ૩–૬–૦૫ ના રોજ અવસાન થતાં ઉજીબેનનું નામ કમી કર્યાની નોંધ નં. ૧૮૦૫ થી દાખલ થયેલી અને કિશોરભાઈ સીદાભાઈની રાજીખુશીથી હક્ક કમી કરાવ્યાની નોંધ નં. ૧૮૪૩ થી દાખલ થયેલી. જે પ્રતિવાદી નં. ૫ એ ગેરકાયદેસર અને ફોસલાવીને કરાવી લીધેલ અને બાદમાં પ્રતિવાદી નં. ૫ એ તેમના વારસોના નામ નોંધ નં. ૧૮૪૪ થી દાખલ કરાવેલા અને નોંધ નં. ૧૮૪૯ થી તેમની દીકરીઓના નામ કમી કરાવી પ્રતિવાદી નં. ૫ થી ૭ એ દાવાવાળી જમીનના પોતાની રીતે હિસ્સા અલગ પાડી લીધેલા છે. દાવાવાળી જમીનમાં વાદીનો હિસ્સો પોષાય છે. વાદીનું નામ કમી કરાવ્યાની નોંધ વિરૂદ્ધ વાદીએ નાયબ કલેક્ટરશ્રી સમક્ષ અપીલ દાખલ કરેલ છે. વાદીના માતાનું મરણ થયેલ છે જેમાં તેમના તમામ વારસોના નામ દાખલ કરવાની જગ્યાએ નામ કમી કરેલ છે. કિશોરભાઈનું બીમાર અવસ્થામાં મરણ થયા બાદ તેમના તમામ વારસદારોના નામ દાખલ કરાવેલ નથી. વાદી દાવાવાળી જમીન ઉપર જતાં પ્રતિવાદી નં. ૫ એ તેમનો જમીનમાં કોઈ હક્ક નથી તેઓ વેચાણ અગર ટ્રાન્સફર કે બોજો ઉભો કરી નાંખશે તેમ કહેતા વાદીએ હાલની અરજી દાખલ કરેલ છે. વાદીએ તેમની અરજીના સમર્થનમાં નિ. ૪/૧ થી ૪/૭ સુધી હક્કપત્રકની નોંધો, ૪/૮ થી ૪/૧૭ થી ગામના નમુના નં. ૮અ, ૭ અને ૧૨ ના ઉતારા રજુ કરેલા છે.

(૩) હાલની અરજી દાખલ થતાં પ્રતિવાદીઓ વિરૂદ્ધ નોટીસ કાઢવાનો હુકમ કરવામાં આવેલ હતો. જે નોટીસ બજતા પ્રતિવાદીઓએ હાજર થઈ પ્રતિવાદી નં.

૫ થી ૭ એ તેમનો જવાબ આંક–૩૩ થી રજુ કરેલો છે. જેમાં જણાવેલ છે કે, વાદીની અરજી ખરી નથી, અરજીમાં લખેલી વિગતો ખરી નથી. વધુમાં જણાવેલ છે કે, વાદીના દાવાને સમયમર્યાદાનો બાધ નડે છે. દાવાવાળી જમીન પ્રેમજીભાઈ રૂડાભાઈની હોવાની વાત ખરી છે અને તેમનું અવસાન થતાં નોંધ નં. ૫૮ થી સીદાભાઈના નામે દાખલ થયાની વાત પણ ખરી છે અને તેમના મરણ બાદ વાદી તથા પ્રતિવાદીઓના નામ નોંધ નં. ૭૨૭ થી દાખલ થયાની વાત પણ ખરી છે. ત્યારબાદ વાદી તથા પ્રતિવાદી નં. ૧ થી ૪ એ તલાટી કમ મંત્રી તથા પંચો રૂબરૂ કલમ–૧૩૫(ડી)ની નોટીસમાં તથા કબૂલાતનામામાં સહીઓ કરી આપતા નોંધ નં. ૭૨૭એ થી દાવાવાળી જમીન પ્રતિવાદી નં. ૫ ના ભાગે આવેલી. ત્યારથી તે જમીનનો સ્વતંત્ર કબજો, ભોગવટો પ્રતિવાદી નં. ૫ પાસે છે અને તેમણે પાકધીરાણ પણ મેળવેલ છે. પ્રતિવાદી નં. ૫ એ વાદીનું નામ તેમની જાણ બહાર કમી કરાવેલ નથી. વાદી સંમત થતા ત્યારબાદ ઉજીબેન તથા કિશોરભાઈનું નામ નિયમોનુસાર કમી થયેલ છે અને પ્રતિવાદી નં. ૫ એ રેવન્યુ કાયદા મુજબ તેમના વારસદારોના નામ નોંધ નં. ૧૮૪૪ થી દાખલ કરાવેલ છે અને નોંધ નં. ૧૮૪૯ થી પ્રતિવાદી નં. ૫ થી ૭ ના નામે આવેલ છે અને તે મુજબ સ્વતંત્ર કબજો, ભોગવટો ધરાવે છે અને પાક ધીરાણ મેળવે છે. પક્ષકારોના માતાનું નામ રેવન્યુ કાયદાની જોગવાઈ મુજબ કમી થયેલ છે અને કિશોરભાઈએ તેમનો હક્ક તેમની હયાતીમાં પ્રતિવાદી નં. ૫ ને આપી દીધેલ છે. વાદીએ તેમનો હક્ક ૩૧ વર્ષથી જતો કરેલ છે. વાદીનું ગુજરનાર પ્રેમજી રૂડા તથા સીદાભાઈ પ્રેમજીભાઈની જમીનમાંથી હિન્દુ વારસાધારા મુજબ હક્ક, હિત સમાયેલ નથી. નાની મારડ મુકામે આવેલ રહેણાંકના મકાન તથા વાડો

પ્રતિવાદી નં. ૫ નો છે. જેમાં વાદીએ ૩૧ વર્ષ પહેલા પોતાનો હક્ક, હિસ્સો જતો કરેલો છે. વાદી આશરે ૪૨ વર્ષથી સાસરે છે. સારાનરસા પ્રસંગે વાદી ઘરે આવતા હોય તેમને વાદીનું નામ કમી થયાની પ્રથમથી જ જાણ હતી. દાવો કર્યો તે પહેલા વાદી–પ્રતિવાદી વચ્ચે કૌટુંબિક સંબંધો બગડતા ખોટી હકીકતો જણાવેલ છે. વાદીએ દાવાનો ખોટો આંક બાંધી ખોટી રીતે દાવો દાખલ કરેલો હોવાનું જણાવી અરજી રદ્દ કરવા વિનંતી કરેલ છે. પ્રતિવાદી નં. ૫ થી ૭ તરફે તેમના જવાબના સમર્થનમાં નિ. ૩૪/૧ થી કુલમુખત્યારનામાની નકલ રજુ કરેલ છે.

પ્રતિવાદી નં. ૧ એ આંક–૫૬ થી તેમનો જવાબ રજુ કરેલો છે. જેમાં વાદીનો દાવો ખરો હોવાનું તથા તેમનો પોતાનો પણ હિસ્સો પોષાતો હોવાનું જણાવેલ છે અને અરજી મંજુર કરવા વિનંતી કરેલ છે.

જ્યારે પ્રતિવાદી નં. ૨ થી ૪ ને વારંવાર તક આપવા છતાં જવાબ રજુ કરેલો ન હોય પ્રતિવાદી નં. ૨ થી ૪ નો જવાબ રજુ કરવાનો હક્ક બંધ કરવામાં આવેલ છે. પરંતુ પ્રતિવાદી નં. ૨ થી ૪ તરફે નિ. ૬૦/૧ અને ૬૦/૨ થી કલમ–૧૩૫(ડી)(૨) મુજબની નોટીસની નકલો અને ૬૦/૩ થી કબૂલાતનામાની નકલ રજુ કરેલ છે.

(૪) વાદીએ આંક–૫૭ થી પ્રતિવાદી નં. ૫ થી ૭ ના જવાબ વિરૂદ્ધ કાઉન્ટર એફીડેવીટ રજુ કરેલ છે. જેમાં પ્રતિવાદીનો જવાબ ખોટો હોવાનું તથા તેમની અરજીમાં લખેલી વિગતો ખરી હોવાનું જણાવેલ છે.

(૫) વાદી પક્ષે વિ.વ.શ્રી આર.એસ. પટેલે આંક–૫૮ થી તેમની લેખીત

દલીલો રજુ કરેલ છે. જે રેકોર્ડનો ભાગ હોઈ તેનું પુનરાવર્તન ટાળેલ છે. પ્રતિવાદી નં. ૧ પક્ષે વિ.વ.શ્રી સી.એમ. શીહોરાએ તેમના જવાબને જ તેમની દલીલ ગણી લેવા જાહેર કરેલ છે. પ્રતિવાદી નં. ૨ થી ૪ પક્ષે વિ.વ.શ્રી આર.એલ. ચાવડાએ આંક–૬૧ થી તેમની લેખીત દલીલો રજુ કરેલ છે. જે રેકોર્ડનો ભાગ હોઈ તેનું પુનરાવર્તન ટાળેલ છે. જ્યારે પ્રતિવાદી નં. ૫ થી ૭ પક્ષે વિ.વ.શ્રી બી.ટી. કોયાણીની દલીલો સાંભળેલ છે.

(૬) અરજી, જવાબ તથા રજુ થયેલ દસ્તાવેજો ધ્યાને લેતાં, હાલની અરજીના યોગ્ય ન્યાય નિર્ણય માટે મારી સમક્ષ નીચેના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું વાદી સાબિત કરે છે કે, વાદીનો પ્રાયમાફેસી કેસ છે?

(૨) શું વાદી સાબિત કરે છે કે, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીના લાભમાં છે?

(૩) શું વાદી સાબિત કરે છે કે, મનાઈ અરજી મંજુર કરવામાં ન આવે તો વાદીને નાણાંથી વળી ન શકે તેવું નુકશાન થવાની શક્યતા છે?

(૪) શું હુકમ?

(૭) ઉપરોક્ત મુદ્દાઓના મારા તારણો નીચે મુજબ છે.

(૧) હકારમાં.

(૨) હકારમાં.

(૩) હકારમાં.

(૪) આખરી હુકમ મુજબ.

(૮) ઉપરોક્ત મુદ્દાઓના તારણ ઉપર આવવાના મારા કારણો નીચે મુજબ છે.

## કારણો

(૮.૧) મુદ્દા નં. ૧ થી ૩ એકબીજા સાથે સંકળાયેલા હોઈ તેની ચર્ચા અહીંયા સંયુક્ત કરવામાં આવેલ છે.

(૮.૨) વાદીએ હાલનો દાવો મોજે ગામ નાની મારડની સર્વે નં. ૨૦/૨ વાળી જમીન બાબતે દાખલ કરેલો છે. જે જમીન મુળ પ્રેમજીભાઈ રૂડાભાઈની હતી અને તેમનું અવસાન થતાં સીદાભાઈ પ્રેમજીભાઈના નામે દાખલ થયેલી હતી. જેમનું અવસાન થતાં વાદી, પ્રતિવાદી નં. ૧ થી ૪ તથા કિશોરભાઈ અને ઉજીબેનના નામ દાખલ થયા હતા. ત્યાં સુધી પક્ષકારો વચ્ચે તકરાર નથી. પરંતુ, ત્યારબાદની નોંધો બાબતે પક્ષકારો વચ્ચે તકરાર હોવાનું ફલીત થાય છે. આમ, જમીન વડીલોપાર્જીત હોવાનું સ્પષ્ટપણે ફલીત થાય છે.

(૮.૩) વાદી પક્ષે પ્રતિવાદી નં. ૫ દ્વારા વાદીનું તથા પ્રતિવાદી નં. ૧ થી ૪ ના નામ ગેરકાયદેસર રીતે કમી કરાવી નાંખેલ હોવાનું જણાવેલ છે અને વાદીએ આવી કોઈ સંમતી આપેલ નથી તેમ જણાવેલ છે. પ્રતિવાદી નં. ૧ એ વાદીનું સમર્થન કરેલ છે. જ્યારે પ્રતિવાદી નં. ૨ થી ૪ એ પ્રતિવાદી નં. ૫ થી ૭ નું સમર્થન કરેલ છે. સ્વાભાવિક રીતે જ પ્રતિવાદી નં. ૧ થી ૪ ના નામ પણ વાદીની સાથે કમી થયેલા છે. પ્રતિવાદી નં. ૨ થી ૪ પક્ષે સદરહુ નિ. ૬૦/૧ થી ૬૦/૩ સુધી કલમ-૧૩૫(ડી)(૨)ની નોટીસની નકલો તથા કબૂલાતનામાની નકલ રજુ કરેલ છે. જેમાં પ્રથમદર્શનીય રીતે વાદીએ સહી કરી હોવાનું ફલીત થાય છે. જો કે, હાલના તબક્કે પુરાવો નોંધ્યા સિવાય વાદીની સહી હોવી તેવું માનવું તે અતિશયોક્તી ગણાય પણ તેની સાથે જ વાદીની દાવાઅરજીમાંની સહી તથા

સદરહુ નિ. ૬૦/૧ થી ૬૦/૩ વાળા દસ્તાવેજોમાંની સહી સરખાવતા તે લગભગ મળતી આવતી હોવાનું ફલીત થાય છે. જો કે, આ સહી વાદીની છે કે નહીં તે પુરાવાનો વિષય હોય તેની ચર્ચા અત્યારે કરવી ન્યાયોચીત જણાતી નથી. વાદીનું નામ દાખલ થયાની અને કમી થયાની નોંધ નં. ૭૨૭ અને ૭૨૭એ વાદીએ નિ. ૪/૨ થી રજુ કરેલ છે. જે બંન્ને નોંધો એક જ દિવસે તા. ૨૬–૨–૮૮ ના રોજ દાખલ થયેલ છે. જ્યારે વાદીએ હાલનો દાવો વર્ષ–૨૦૧૮ માં દાખલ કરેલ છે. એટલે કે, વાદીએ હાલનો દાવો આશરે ૩૦ વર્ષ બાદ દાખલ કરેલ છે.

(૮.૪) જો કે, વાદી પક્ષે બીજી તકરાર તેમના માતૃશ્રી ઉજીબેન કે જેઓ મરણ જતાં તેમનું નામ પ્રતિવાદી નં. ૫ એ ખોટી રીતે કમી કરાવેલ છે તેની તકરાર લીધેલ છે અને વાદીના ભાઈ કિશોરભાઈ બીમારઅવસ્થામાં મરણ ગયા હોય તેમનું નામ પણ પ્રતિવાદી નં. ૫ એ ખોટી રીતે કમી કરાવી નાંખ્યાની તકરાર લીધેલ છે. તે ઉપરાંત પ્રતિવાદી નં. ૫ એ પોતાના તમામ વારસોનું નામ દાખલ કરાવી તેમની દીકરીઓના નામ કમી કરાવી તેમની પત્ની અને પુત્રનું નામ ચાલુ રાખી દાવાવાળી જમીનની ગેરકાયદેસર રીતે વહેંચણી કરી નાંખી હોવાની પણ તકરાર લીધેલ છે. જેની વિરૂદ્ધ પ્રતિવાદી નં. ૫ થી ૭ એ કિશોરભાઈ રામજીભાઈએ તેમની હયાતીમાં જ પ્રતિવાદી નં. ૫ ની તરફેણમાં તેમનો હક્ક જતો કર્યાનું જણાવેલ છે અને તેમના માતા ઉજીબેનનું નામ રેવન્યુ કાયદા મુજબ કમી થયાનું જણાવેલ છે. જ્યારે તેમના વારસોના નામ પણ રેવન્યુ કાયદાની જોગવાઈ મુજબ દાખલ થયાનું જણાવેલ છે.

વાદીની અરજી જોતાં વાદી તથા પ્રતિવાદીઓના ભાઈ

કિશોરભાઇએ પ્રતિવાદી નં. ૫ ની તરફેણમાં તેમનો હક્ક જતો કરેલો છે. તે કાયદેસર રીતે કરેલ છે કે ગેરકાયદેસર રીતે કરેલ છે તે હાલના તબક્કે પુરાવા લીધા સિવાય નક્કી થઈ શકે નહીં. કોઈપણ વ્યક્તિને પોતાનો હક્ક બીજી વ્યક્તિની તરફેણમાં જતો કરવાનો અધિકાર છે. જો કે, વાદીએ તેઓ કિશોરભાઈના વારસ હોવાનું જણાવેલ છે. કિશોરભાઈ અપરિણીત મરણ ગયા હોય સ્વાભાવિક રીતે જ વાદી તેમના બહેન હોય તેમનો આડી લીટીના વારસમાં સમાવેશ થાય. પરંતુ, કિશોરભાઈનું નામ પ્રતિવાદી નં. ૫ એ ગેરકાયદેસર રીતે કમી કરાવેલ છે કે કેમ તે પુરાવા લીધા સિવાય નક્કી થઈ શકે નહીં.

વધુમાં, પક્ષકારોના માતૃશ્રી ઉજીબેન અવસાન ગયા હોય હિન્દુ વારસા ધારા પ્રમાણે તેમના તમામ વારસોના નામ દાખલ થવા જોઈએ. પ્રતિવાદી નં. ૫ થી ૭ એ તેમના જવાબમાં રેવન્યુ કાયદા મુજબ નામ કમી થયાનું જણાવેલ છે. પરંતુ, રેવન્યુ કાયદા મુજબ કોઈના હક્કો નક્કી થઈ શકતા નથી. તે ફક્ત હિન્દુ વારસા ધારા મુજબ જ નક્કી થઈ શકે અને તે રીતે વાદીના માતા મરણ ગયા હોય ત્યારે તેમના તમામ વારસોના નામ દાખલ થવા જોઈએ. જો કે, હાલના કામે નિ. ૪/૩ વાળી નોંધ નં. ૧૮૦૫ મુજબ ઉજીબેનનું નામ કમી થઈ ગયેલ છે તેમના વારસોના નામ દાખલ થયા નથી. તે સંજોગોમાં વાદીનો ઉજીબેનના વારસ તરીકે દાવાવાળી જમીનમાં હિસ્સો ગણાય. કેટલો હિસ્સો થાય તે પુરાવાનો વિષય છે. પરંતુ, વાદીનો હિસ્સો પોષાતો હોવાનું પ્રથમદર્શનીય રીતે ફલીત થાય છે. ઉજીબેન વર્ષ–૨૦૦૫ માં મરણ ગયા છે. જ્યારે વાદીએ હાલનો દાવો વર્ષ–૨૦૧૮ માં દાખલ કરેલો છે. સ્વાભાવિક રીતે જ વાદીએ દાવો દાખલ કરવામાં વિલંબ કર્યો ગણાય. પરંતુ, સાથે જ ઉજીબેનનું નામ કમી કર્યા સંદર્ભે કે

પ્રતિવાદી નં. ૫ ના વારસોના નામ દાખલ કર્યા સંદર્ભે કે હક્ક ઉપાડી લઈ પ્રતિવાદી નં. ૫, તેમના પત્ની અને પુત્રના ભાગમાં વહેંચણી થયા બાબતે વાદીને કોઈ નોટીસ આપવામાં આવેલ નથી. જેથી વાદીને ઉજીબેનના મરણ બાદ તેમનું નામ દાખલ થયેલ ન હોવાની સ્વાભાવિક રીતે જ જાણ ન હોય. તે સંજોગોમાં ઉપરોક્ત બાબતે વાદીના દાવાને સમયમર્યાદાનો બાધ નડે છે કે નહીં તે પુરાવાનો વિષય બને છે.

(૮.૫) પ્રતિવાદી નં. ૫ એ દાવાવાળી જમીનના રેવન્યુ રેકોર્ડમાં તેમના માતૃશ્રી ઉજીબેનનું તથા ભાઈ કિશોરભાઈનું નામ કમી કરાવી પોતાના વારસોના નામ દાખલ કરાવેલા છે અને તે પૈકી પણ પોતાની દીકરીઓના નામ કમી કરાવી ત્યારબાદ દાવાવાળી જમીન પોતાના, પોતાની પત્ની અને પોતાના દીકરાના નામે વહેંચણી કરેલ છે અને તે રીતે રેવન્યુ રેકોર્ડમાં નોંધ પણ થયેલ છે. આમ, પ્રતિવાદી નં. ૫ એ દાવાવાળી જમીનની માલીકીમાં ફેરફાર કરેલ છે. સ્વાભાવિક રીતે જ અગાઉ ચર્ચા કર્યા મુજબ વાદીનો તથા બીજા બહેનોનો ભાગ ઉજીબેનના હિસ્સા પુરતો ગણાય. વાદીની અરજી મુજબ પ્રતિવાદીઓ દાવાવાળી મિલકત ટ્રાન્સફર કરવા કે બોજો ઉત્પન્ન કરવા પ્રયત્ન કરી રહ્યા છે. જો ચાલુ દાવે આવું થાય તો વાદીનો હક્ક માર્યો જાય અને વાદીને દાવાદુવીમાં ઉતરવાનું થાય. તે સંજોગોમાં વાદીને રક્ષણ આપવું ન્યાયોચીત જણાય છે.

(૮.૬) વાદી પક્ષે તેમની દલીલમાં જે હિસાબ બાબતેની આદેશાત્મક દાદ માંગેલ છે તે હાલના તબક્કે જતી કરેલ છે. જેથી તે સંદર્ભે કોઈ ચર્ચા કરવાની રહેતી નથી.

(૮.૭) વાદી પક્ષે તેમની દલીલના સમર્થનમાં AIR 2001 NOC 58

(MADRAS) ના કે. પટ્ટામ્મલ વિ. પી.કે. કલ્યાણીના ચુકાદા ઉપર આધાર રાખેલ છે. જેમાં ના. મદ્રાસ હાઈકોર્ટે ઠરાવેલ છે કે, વડીલોપાર્જીત મિલકતમાં સહહિસ્સેદારો પૈકી પિતા જ્યારે મરણ પામે ત્યારે તેમના હિસ્સામાં પિતાના દરેક સંતાનો અને પત્નીનો હિસ્સો લાગે.

વધુમાં વાદી પક્ષે AIR 2008 SC 2291 ના મંડાલી રંગન્ના વિ. ટી. રામચંદ્રના ચુકાદા ઉપર આધાર રાખેલ છે. જેમાં ના. સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે, કોર્ટે મનાઈઅરજી નક્કી કરતી વખતે ઓર્ડર–૩૯ અન્વયેના બેઝીક ગુણધર્મોની સાથે જ પક્ષકારનું વર્તન પણ ધ્યાને લેવું જોઈએ.

વધુમાં વાદી પક્ષે 2000 GLH 1 ના અદાણી એક્ષપોર્ટસ લી. વિ. હિન્દુસ્તાન ઓર્ગેનીક્સ લી.ના ચુકાદા ઉપર આધાર રાખેલ છે. જેમાં ના. ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, મનાઈઅરજી નક્કી કરતી વખતે વાદીએ ફક્ત પ્રથમદર્શનીય કેસ સાબિત કરવાનો હોય છે આખો દાવો સાબિત કરવાનો હોતો નથી.

વધુમાં વાદી પક્ષે AIR 2000 SC 1573 ના યુનિયન ઓફ ઈન્ડિયા વિ. ઈરા એજ્યુકેશનલ ટ્રસ્ટના ચુકાદા ઉપર આધાર રાખેલ છે. જેમાં ના. સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે, આર્ટીકલ–૨૨૬ અન્વયે મનાઈઅરજી નક્કી કરતી વખતે સી.પી.સી. ઓર્ડર–૩૯ ના ગુણધર્મો લાગુ પડે છે.

વધુમાં વાદી પક્ષે 2007(4) GLR 3498 ના પટેલ છત્રસિંહ ગોકળભાઈ વિ. ડીસ્ટ્રીક્ટ પ્રાયમરી એજ્યુકેશન ઓફીસરના ચુકાદા ઉપર આધાર રાખેલ છે. જેમાં ના. ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, સ્ટ્રોંગ પ્રાયમાફેસી કેસ હોય અને મનાઈહુકમ ન આપવામાં આવે તો નાણાંથી ન વળી શકે તેવું નુકશાન

થવાની શક્યતા હોય ત્યારે આર્ટીકલ–૨૨૬ અન્વયે મનાઈહુકમ આપવો જોઈએ.

વધુમાં વાદી પક્ષે 1999(1) GCD 416 ના ભુપેન્દ્ર સ્ટીલ વિ. ક્રિશ્ના એક્ષ્પોર્ટના ચુકાદા ઉપર આધાર રાખેલ છે. જેમાં ના. ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, મનાઈઅરજી નક્કી કરતી વખતે, પ્રાયમાફેસી કેસ, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અને ઈરીપેરેબલ લોસના ફેક્ટર સાથે પક્ષકારોની વર્તણુંક પણ કોર્ટે ધ્યાને લેવી પડે.

વધુમાં વાદી પક્ષે AIR 1995 SC 350 ના સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. એડમન અનીતા મોતીના ચુકાદા ઉપર આધાર રાખેલ છે. જેમાં ના. સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે, પક્ષકારને નુકશાન થતું હોય ત્યારે સી.પી.સી. કલમ–૧૫૧ અન્વયે કોર્ટને વિશાળ સત્તા આપેલી છે.

(૯) આમ, ઉપરોક્ત ચર્ચાને અંતે વાદીનો પ્રથમદર્શનીય કેસ છે. બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીના લાભમાં છે. જો મનાઈહુકમ આપવામાં ન આવે અને પ્રતિવાદીઓ દાવાવાળી મિલકત સંદર્ભે બીજા કોઈ હક્કો ઉભા કરે તો મલ્ટીપ્લીસીટી ઓફ પ્રોસીડીંગ્ઝ થવાની શક્યતા છે અને જેનાથી નાણાંથી ન વળી શકે તેવું નુકશાન થવાની શક્યતા છે. જેની વિરૂદ્ધ પ્રતિવાદીઓને દાવાવાળી મિલકતની માલીકી અને કબજા બાબતે યથાવત્ પરિસ્થિતિ જાળવી રાખવા હુકમ કરવામાં આવે તો પ્રતિવાદીઓને કોઈ નુકશાન થાય તેમ જણાતું નથી. આમ, મારા મુદ્દા નં. ૧ થી ૩ ના જવાબ હકારમાં ઠરાવુ છુ અને મુદ્દા નં. ૪ પરત્વે મારો આખરી હુકમ નીચે મુજબ કરૂ છુ.

## ।। હુકમ ।।

– વાદીની અરજી અંશતઃ મંજુર કરવામાં આવે છે.

– આથી પ્રતિવાદીઓને હુકમ કરવામાં આવે છે કે, હાલના દાવાના આખરી નિકાલ થતાં સુધી પ્રતિવાદીઓએ દાવાવાળી મિલકતની માલીકી અને કબજા બાબતે યથાવત્ પરિસ્થિતિ જાળવી રાખવી તથા દાવાવાળી મિલકત ઉપર અન્ય કોઈ બોજો ઉત્પન્ન કરવો નહીં.

– હાલની અરજીનું ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે.

હુકમ આજ તા. ૨૪મી માહે સપ્ટેમ્બર સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

ધોરાજી.
તા. ૨૪–૯–૨૦૧૯.

**(સચીન પ્રતાપરાય મહેતા)**
એડીશનલ સીનીયર સીવીલ જજ,
ધોરાજી.
કોડ નં. જીજે૦૦૯૩૪

Self